©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] FRIDAY, 21st AUGUST, 2026/SRAVANA 30, 1948 [No. 6558

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચના

મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૪૭

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ ૧૩ (૧) હેઠળ તેમજ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ-૫

જા.નં. : MWUDA/007/08/20260.–ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૦૧/૦૧/૨૦૨૫ ના નોટીફીકેશન નં. KV-07- of 2025-UDUHD/COC/e-file/18/2024/5932/P section થી મોરબી નગરપાલીકા માંથી મોરબી મહાનગરપાલીકામાં પરિવર્તન થતા ઉકત જાહેરનામાંથી મોરબી મહાનગરપાલિકામાં મોરબી અને તેને લાગુ ૯-ગ્રામ પંચાયતો (સકતશનાળા, રવાપર, લીલાપર, અમરેલી, નાનીવાવડી, ભડીયાદ(જવાહર), ત્રાજપર(માળીયા વનાળીયા), મહેન્દ્રનગર(ઇન્દિરાનગર) તથા માધાપર/વજેપર (ઓ.જી.)નો સમાવેશ કરવામાં આવેલ છે. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના તા.૨૩-૦૬-૨૦૨૫ના નોટીફિકેશન નં.: GH/V/209 of 2025/UDUHD/MSM/e-file/18/2025/0143/L થી તા.૦૧-૦૧-૨૦૨૫ના નોટીફિકેશનમાં સમાવિષ્ટ ગામો અને વાંકાનેર નગરપાલીકા તથા રેવન્યુ વિસ્તારનો સમાવેશ કરી મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની પુન:રચના કરેલ છે.

મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની તા: ૧૯-૦૮-૨૦૨૬ થી મળેલ ચોથી બોર્ડ બેઠકના ઠરાવ નં: ૨થી મળેલ બહાલી અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૯ હેઠળ તા: ૧૯-૦૮-૨૦૨૬ના પત્રથી રાજ્ય સરકારશ્રીને મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ માટે આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલ વિકાસ પ્લાનનો મુસદ્દો તૈયાર કરી સાદર કરેલ છે. તેથી હવે, સદરહુ અધિનિયમની કલમ-૧૩ ની પેટા કલમ (૧) અનુસાર મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ, આથી નોટિસ આપે છે કે, ગુજરાત રાજ્યના રાજ્યપત્રમાં વિકાસ પ્લાનના મુસદ્દાની પ્રસિધ્ધિની તારીખથી ૨(બે) મહિનાની મુદત સુધીમાં તેના સંબંધમાં કોઇપણ વ્યક્તિને આ મુસદ્દારૂપ વિકાસ યોજનાનાની દરખાસ્તને લગતા જે વાંધા અથવા સૂચનો રજુ કરવા હોય તો લેખિત રીતે ચાર નકલમાં આધાર-પુરાવા સહ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળને મોકલી આપવાના રહેશે અને તેની ગુણવત્તાને ધ્યાને લઈ મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્તને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

અનુસૂચિ

૧. મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજનાનો અહેવાલ

પાર્ટ-૧ : (Existing Conditions, Studies & Analysis) જેમાં વિકાસ નકશામાં સમાવિષ્ટ જમીનોનો હયાત ઉપયોગ અને તે બાબતમાં કરેલ સર્વેની વિગતો જે ધ્યાને લેવાયેલ છે.

પાર્ટ-૨ : (અ) (Planning Proposals & Recommendations) જેમાં વિકાસ નકશામાં સમાવિષ્ટ જમીનોનો સૂચિત ઉપયોગ અને તે બાબતની દરખાસ્ત દર્શાવતા નકશા અને અહેવાલ. (સુચિત જમીન વપરાશ)

(બ) મુસદ્દારૂપ વિકાસ યોજનાની મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ ઉપર મુકેલી કોઈ જવાબદારીને જે વિકાસના તબક્કા દ્વારા પહોંચી વળવા ધાર્યું હોય તેનું નિવેદન.

(ક) **સીજીડીસીઆરમાં મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજનાને અનુરૂપ સુચિત જોગાવાઈઓ.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૧૦ અન્વયે ઉપરોક્ત મુસદ્દારૂપ વિકાસ નકશાની નકલ મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની કચેરી / મોરબી મહાનગરપાલિકાની કચેરી તથા વાંકાનેર નગરપાલિકાની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા ખુલ્લી રાખેલ છે. સદર અધિસૂચનાની નકલ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળમાં સમાવિષ્ટ તમામ ગ્રામ પંચાયત કચેરીના નોટિસ બોર્ડ ઉપર લગાવેલ છે.

સ્થળ : મોરબી

તારીખ : ૧૯-૦૮-૨૦૨૬

સંજયકુમાર સોની
મુખ્ય કારોબારી અધિકારી
મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ
અને
નાયબ મ્યુનિસિપલ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

વાંધા તથા સૂચનો નીચેના સરનામે મોકલી આપવાના રહેશે.

મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની કચેરી,
C/O. મોરબી મહાનગરપાલિકાની કચેરી (ઈસ્ટ ઝોન),
રેલ્વે સ્ટેશન રોડ, મોરબી-૩૬૩૬૪૧.

અધિસૂચના

મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળ, મોરબી

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૯૯ અને ૧૦૦

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ નાં નિયમ-૫૦ની જોગવાઈ હેઠળનાં વિકાસ ચાર્જ

જા.નં. : MWUDA/0011/08/20260.—ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના તા. ૦૧-૦૧-૨૦૨૫ના નોટીફીકેશન નં. KV-07- of 2025-UDUHD/COC/e-file/18/2024/5932/P sectionથી મોરબી નગરપાલીકા માંથી મોરબી મહાનગરપાલીકામાં પરિવર્તન થતા ઉકત જાહેરનામાંથી મોરબી મહાનગરપાલિકામાં મોરબી અને તેને લાગુ ૯-ગ્રામ પંચાયતો (શકતશનાળા, રવાપર, લીલાપર, અમરેલી, નાનીવાવડી, ભડીયાદ(જવાહર), ત્રાજપર(માળીયા વનાળીયા), મહેન્દ્રનગર(ઈન્દિરાનગર) તથા માધાપર/વજેપર (ઓ.જી.)નો સમાવેશ કરવામાં આવેલ છે. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગાંધીનગરના તા: ૨૩-૦૬-૨૦૨૫ના નોટીફિકેશન નં.: GH/V/209 of 2025/UDUHD/MSM/e-file/18/2025/0143/L દ્વારા તા. ૦૧-૦૧-૨૦૨૫ના નોટીફિકેશનથી મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ગામો અને વાંકાનેર નગરપાલીકા તથા રેવન્યુ વિસ્તારનો સમાવેશ કરી મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળની હદ વિસ્તારમાં વધારો કરેલ છે.

મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામાંડળ દ્વારા સુચિત મુસદ્દારૂપ વિકાસ યોજના તૈયાર કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ-૯ હેઠળ સરકારશ્રીમાં સાદર કરેલ છે. સદરહુ વિકાસ યોજનામાં રહેણાંક, ઓધોગિક, વાણિજય, રીક્રીએશનલ વિગેરે ઝોન સુચિત કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ તા: ૦૧-૦૨-૧૯૭૮ થી અમલમાં છે. સદરહું અધિનિયમ અને તે હેઠળ કરેલ નિયમોની જોગવાઈઓને આધીન રહીને સત્તામંડળ, રાજ્ય સરકારની પૂર્વ મંજુરીથી, રાજપત્રમાં જાહેરનામાં દ્વારા વિકાસ સત્તામંડળમાંની જમીનો અને મકાનો ઉપરનો વિકાસ ચાર્જમાં જુદા-જુદા દરો, વિકાસ સત્તામંડળના જુદા-જુદા ભાગો માટે અને જુદા-જુદા ઉપયોગો માટે નિર્દિષ્ટ કરવાની જોગવાઈ છે.

સદરહું અધિનિયમ કલમ-૧૦૦(૨) વિકાસ ચાર્જના દરો જમીન અથવા મકાનના સુચિત ઉપયોગના આધારે નીચે પ્રમાણે નક્કી કરવાની જોગવાઈ છે.

(ક) જમીનની બાબતમાં હેક્ટર દીઠ નિર્દિષ્ટ કરવાના દરે અને

(ખ) મકાનની બાબતમાં, મકાનના તળીયાના ક્ષેત્રફળના દર ચોરસમીટર દીઠ નિર્દિષ્ટ કરવાના દરે.

ગુજરાત સરકારશ્રીના તા. ૨૮-૦૭-૨૦૧૪ ના જાહેરનામાંથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬થી (ગુજ, ૧૧ ઓફ ૨૦૧૪ સુધારો) થી સુધારો મંજૂર કરવામાં આવેલ છે. સદરહુ સુધારા અધિનિયમ ની કલમ-૧૦૦(૨)માં જમીનના વિકાસની બાબતમાં હેક્ટર દીઠ દસ લાખ રૂપિયાથી વધારે નહીં (એટલે કે દર ચોરસ મીટર દીઠ એક સો રૂપિયા) અને મકાનના વિકાસની બાબતમાં મહત્તમ એક સૌ રૂપિયાથી વધારે નહી, એમ જોગવાઈ કરેલ છે. વધુમાં મકાનને સંલગ્ન જમીનનો, મકાન સિવાયના કોઈ હેતુ માટે ઉપયોગ થતો હોય ત્યારે આવા ઉપયોગ માટે જુદા-જુદા વિકાસ ચાર્જ લેવાની જોગવાઈ છે.

આમ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬થી (ગુજ, ૧૧ ઓફ ૨૦૧૪ સુધારો) થી સુધારોની કલમ-૧૦૦ મી સદરહુ વિકાસ ચાર્જની મહત્તમ મર્યાદામાં ફેરફાર થયેલ હોવાથી તેમજ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની તા: ૨૩-૦૬-૨૦૨૫થી રચના થયેલ હોવાથી તેમજ નવા વિકાસ ચાર્જ નક્કી કરવામાં આવેલ ન હોઈ, મોરબી-વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની તા. ૧૯-૦૮-૨૦૨૬ના રોજ યોજાયેલ ચોથી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક - ૪ના ઠરાવ ક્રમાંક થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ-૯ હેઠળ સરકારશ્રીમાં સાદર કરવા બહાલી મળેલ હોવાથી નીચે જણાવેલ અનુસૂચિ મુજબના જુદા-જુદા ઝોન વિસ્તાર તેમજ જુદા-જુદા ઉપયોગ માટે વિકાસ ચાર્જ વસૂલ કરવા ઠરાવેલ છે.

હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો,૧૯૭૯ ના નિયમ-૫૦ની જોગવાઈ અનુસાર મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળ આથી નોટીસ આપે છે કે, સરકારી રાજપત્રમાં વિકાસ ચાર્જના સુધારેલ સુચિત દરોની પ્રસિધ્ધીની તારિખથી ત્રણ મહિનાની મુદતની અંદર, તેના સબંધમાં કોઈ વ્યક્તિને વિકાસ ચાર્જના સુધારેલ સૂચિત દરોને લગતા જે વાંધા અને સૂચનો કરવા હોય તો લેખિત રીતે ચાર નકલમાં આધાર-પુરાવાસહ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ/ મોરબી મહાનગરપાલિકા અથવા વાંકાનેર નગરપાલિકાને મોકલી આપવાના રહેશે અને તેની ગુણવત્તાને ધ્યાને લઈ વિકાસ ચાર્જના દરને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

અનુ નં.	જમીન બાંધકામના ઉપયોગ	સૂચીત ડેવલોપમેન્ટ ચાર્જના દર (પ્રતિ ચો.મી.)	
		જમીન માટે	બાંધકામ માટે
૧	રહેણાંક હેતુ	૨૫	૫૦
૨	વાણિજય હેતુ	૪૦	૮૦
૩	ઔધોગીક હેતુ	૪૦	૮૦
૪	અન્ય હેતુ	૪૦	૮૦

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ ૧૦૧ હેઠળ જુદા જુદા ઉપયોગ માટેના સુચિત વિકાસ ચાર્જ દર્શાવતા જાહેરનામાની નકલ મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળ/ મોરબી મહાનગરપાલિકાની કચેરી તથા વાંકાનેર નગરપાલિકામાં રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા ખુલ્લી રાખેલ છે. સદર અધિસૂચનાની નકલ મોરબી મહાનગરપાલિકાની તમામ વોર્ડ ઓફીસના નોટિસ બોર્ડ ઉપર લગાવેલ છે.

સ્થળ : મોરબી

તારીખ : ૧૯-૦૮-૨૦૨૬

સંજયકુમાર સોની
મુખ્ય કારોબારી અધિકારી
મોરબી વાંકાનેર શહેરી વિકાસ સતામંડળ
અને
નાયબ મ્યુનિસિપલ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

વાંધા તથા સૂચનો નીચેના સરનામે મોકલી આપવાના રહેશે.

મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળની કચેરી,
C/O. મોરબી મહાનગરપાલિકાની કચેરી (ઈસ્ટ ઝોન),
રેલ્વે સ્ટેશન રોડ, મોરબી-૩૬૩૬૪૧.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.08.24 13:35:54 IST